**ક્રિમીનલ ઈન્કવાયરી નં.૩/૨૦૨૬ ના કામે આંક.૧ લગત હુકમ**

(૧) ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે આરોપી સામે હાલની ખાનગી ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદમાં આરોપીનું સરનામું જોતાં આરોપી આ કોર્ટની હકુમત બહારના રહેવાસી છે. આ તબકકે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૫ ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**Section 225 – Postponement of issue of process.**

(1) Any Magistrate, on receipt of a complaint of an offence of which he is authorised to take cognizance or which has been made over to him under section 212, may, if he thinks fit, **and shall, in a case where the accused is residing at a place beyond the area in which he exercises his jurisdiction, postpone the issue of process against the accused, and either inquire into the case himself or direct an investigation to be made by a police officer or by such other person as he thinks fit,** for the purpose of deciding whether or not there is sufficient ground for proceeding:

(૨) આમ કોર્ટની હકુમત બહારના આરોપી સામે ખાનગી ફરીયાદ દાખલ થતાં આરોપી સામે પ્રોસેસ કાઢતા પહેલાં આ કલમ હેઠળ ઈન્કવાયરી કરવી ફરજીયાત છે તેવી કાનુની જોગવાઈ છે. વળી **AIR 2021 SC 1957** માં રીપોર્ટેડ ***In Re: Expeditious Trial of Cases Under Section 138 of N.I. Act 1881*** ના ચુકાદામાં નામ.સર્વોચ્ચ અદાલતે વિસ્તૃત ચર્ચા તથા

અવલોકનો કર્યા બાદ કેટલાક માર્ગદર્શક આદેશો ફરમાવેલા છે. જેમાં હકુમત બહાર ના આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેની ફરીયાદ દાખલ થવાના કીસ્સામાં નીચે મુજબના આદેશો પણ ફરમાવેલા છે.

> 2) Inquiry **shall be** conducted on receipt of complaints Under Section 138 of the Act to arrive at sufficient grounds to proceed against the Accused, when such Accused resides beyond the territorial jurisdiction of the court.
>
> 3) For the conduct of inquiry Under Section 202 of the Code, evidence of witnesses on behalf of the complainant shall be permitted to be taken on affidavit. **In suitable cases**, the Magistrate **can restrict the inquiry to examination of documents** without insisting for examination of witnesses.

**(૩)** આમ ઉપરોકત કાનુની જોગવાઈ તથા નામ.સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાંના આદેશને ધ્યાને લઈ હાલના કેસમાં પ્રોસેસ ઈશ્યુ કરતા પહેલાં ઈન્કવાયરી કરવી ફરજીયાત હોય હાલની ફરીયાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૫ અન્વયે ઈન્કવાયરી માટે રાખવામાં આવેલી. વળી નામ.સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાંના આદેશ મુજબ યોગ્ય કેસોમાં સાહેદોને તપાસ્યા વિના માત્ર ફરીયાદ સાથે રજુ દસ્તાવેજો આધારે ઈન્કવાયરી કરી શકાય તેમ હોય તથા હાલના કેસમાં પણ

ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજો આધારે જ પ્રોસેસ ઈશ્યુ કરવા અંગે નિર્ણય કરી શકાય તેમ હોય જેથી કોઈ સાહેદને તપાસમાં આવેલ નથી.

(૪) હાલની ફરીયાદ તથા ફરીયાદ સાથે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૪૫ અન્વયેનુ ફરીયાદી નુ સરતપાસનુ સોગંદનામુ તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતાં આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી શકાય તેવા વ્યાજબી અને પુરતા કારણો હોવાનુ આ તબકકે ફલીત થાય છે. જેથી હાલની ઈન્કવાયરી ગ્રાહ્ય રાખી ફરીયાદ રજીસ્ટરે લેવા હુકમ કરવામા આવે છે. તેમજ આરોપીને હાજર રહેવા તા.**<u>૧૦/૦૯/૨૦૨૬</u>** ની મુદતનો સમન્સ ઈશ્યુ કરવા હુકમ કરવામાં આવે છે./આરોપીના સમન્સનો આર.પી.એડી સમન્સનો હાથ બીડો ફરીયાદીને બજવણી માટે હાથો હાથ આપવા હુકમ કરવામા આવે છે. વધુમા ફરીયાદની હકીકત જોતા આક્ષેપીત ગુના સબબ વિગતવાર પુરાવો નોંધી ઈન્સાફી કાર્યવાહી ચલાવવી હીતાવહ હોય સમરી ટ્રાયલની જગ્યાએ ફરીયાદની કાર્યવાહી સમન્સ ટ્રાયલ ચલાવવા હુકમ કરવામા આવે છે.

(૫) વધુમા ના નામ.સર્વોચ્ચ અદાલતના **2025(0) AIJEL-SC 75934** માં રીપોર્ટેડ ***Sanjabij Tari Vs. Kishore S. Borcar*** ના ચુકાદામાં તથા **AIR 2014 SC 2528** મા રીપોર્ટેડ ***Indian Bank Association Versus Union Of India*** ના ચુકાદાના પેરા-૨૧ મા જણાવ્યા મુજબના ડાયરેકશન મુજબ કેસની કાર્યવાહી ચલાવવા હુકમ કરવામા આવે છે.

તા.૧૪/૦૮/૨૦૨૬
સ્થળ:-છોટાઉદેપુર.

**(એ.એચ.મકરાણી)**
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
છોટાઉદેપુર